# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## <u>અખબારી યાદી</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે, ધોરણ-10 માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2020 માં જે વિદ્યાર્થીઓ એક અથવા બે વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક કે બે વિષયમાં અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણ પત્રકમાં **(NEEDS IMPROVEMENT)** "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા પરીક્ષાર્થીઓની શાળાવાર યાદી તૈયાર કરી શાળાઓને માર્ચ-2020ની પરીક્ષાના પરિણામ સાથે મોકલવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓ એક અથવા બે વિષયની પરીક્ષામાં નાપાસ છે અને પૂરક પરીક્ષા આપવા ઇચ્છુક હોય તેવા પરીક્ષાર્થીઓ વર્ષ-2020ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

આ પૂરક પરીક્ષા માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ **<u>www.gseb.org</u>** અથવા **<u>sscpurakreg.gseb.org</u>** પરથી **ONLINE** કરવાનું રહેશે. (આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફક્ત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. રૂબરૂ કે ટપાલ દ્વારા આવેદન સ્વીકારવાની પધ્ધતિ હવે પછીથી અમલમાં રહેશે નહી.)

પરીક્ષા માટેનું આવેદન તા:-૦૧/૦૭/૨૦૨૦ ના રોજ સાંજે ૧૭:૦૦ કલાકથી તા:-૧૦/૦૭/૨૦૨૦ ના રોજ સાંજે ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઇન કરી શકાશે.

<u>ખાસનોંધ</u>:-

1. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા-2020 માટે ઓનલાઇન આવેદન (રજીસ્ટ્રેશન) કરવું ફરજીયાત છે.
2. **COVID-19** ની પરિસ્થિતિમાં જે વિદ્યાર્થીઓ શાળા પર જઇ આવેદન માટેની સંમતિ તથા ફી ન આપી શકે તેમ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થી સ્વયં ઓનલાઈન આવેદન કરીને નિયત ફી ભરી શકશે.
3. ઓનલાઇન આવેદન કરવા માટેની તથા ફી ભરવાની સુચનાઓ તા:- ૦૧/૦૭/૨૦૨૦ ના રોજ ઉપરોકત વેબસાઇટ પર મૂકવામાં આવશે.

પરીક્ષા સચિવ(માધ્યમિક)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તા:- ૦૧/૦૭/૨૦૨૦
સ્થળ - ગાંધીનગર